# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ

**વંચાણે લીધો:** (૧) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧, તા.૧૬/૦૨/૨૦૦૬

(૨) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)/ઝ.૧, તા.૨૦/૧૦/૨૦૧૫

(૩) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૩)/ઝ.૧, તા.૨૮/૦૩/૨૦૧૬

(૪) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)/ઝ.૧, તા.૧૨/૦૭/૨૦૧૬

## પરિપત્ર

આ યુનિવર્સિટી હેઠળના તમામ કચેરી/વિભાગીય વડાશ્રીઓને જણાવવાનું કે, વંચાણે લીધા ક્રમ-૧ના ઠરાવની ફિક્સ પગારની યોજના અન્વયે વર્ગ-૩ સંવર્ગમાં પાંચ વર્ષના સમયગાળા માટે ફિક્સ પગારથી નિમણૂક પામેલ કર્મચારીઓને નામ. સરકારશ્રીના ઉપર દર્શાવેલ ઠરાવોની સેવાની શરતો અને બોલીઓ મુજબ કરારીય સમયગાળા દરમિયાન મળવાપાત્ર પરચુરણ રજા/ખાસ રજા/માંદગી સબબની રજા/મહિલા કર્મચારીઓને પ્રસુતિ રજા તેમજ તેને સંલગ્ન પિતૃત્વ રજાઓ નિયમોનુસાર મળવાપાત્ર થાય છે. તે સિવાયની અન્ય કોઈ રજા કે કપાત પગારી રજા મળવાપાત્ર રહેતી નથી. તેમ છતાં, તબીબી કારણોસર કાબુ બહારના કે અન્ય સંજોગોમાં કરારીય સમયગાળા દરમિયાન કર્મચારી ફરજ પરથી ગેરહાજર રહેશે તો તેવી ગેરહાજરીના દિવસના વેતનની કપાત સંબંધિત કચેરીના વડાશ્રી દ્વારા સંબંધિત કર્મચારીના ફિક્સ પગારમાંથી કરવાની રહેશે. તેમજ તેટલો કરારીય સમયગાળો લંબાવવામાં આવશે.

પ્રસ્તુત પરિપત્ર અત્રેની કચેરીની ફાઈલ પર માન. કુલપતિશ્રીની મંજુરી મેળવી યુનિવર્સિટી હિતાર્થે બહાર પાડવામાં આવે છે.

**જા.નં.આકૃયુ/રજિ/સંકલન/ ૮૧૮/૨૦૨૨**
**તા.૨૫/૦૨/૨૦૨૨**

કુલસચિવ

**નકલ સવિનય રવાના જાણ તથા અમલ થવા સારૂ.**

(૧) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.કૃ.યુ. આણંદ તરફ જાણ સારૂ.

(૨) તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ અને યુનિટ/સબ યુનિટ કચેરીઓ તરફ જાણ તથા તમામને વંચાણે લાવી અમલ થવા સારૂ.

**નકલ રવાના:**

(૧) કુલસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી તરફ જાણ સારૂ.

(૨) આ કચેરીની તમામ શાખાઓ તરફ.

E:\Coordination-2022\Circular .docx